તા. 11-05-2024

સમય : સવારે 7.45(નેશનલ)

# પ્રસાર ભારતી
# નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 11-05-2024 સવારે : 7.45 થી 7.55

વાર : શનિવાર

આકાશવાણી

સમાચાર જયેશ વેગડા વાંચે છે.

---

✓ લોકસભા ચૂંટણીના ચોથા તબક્કા માટે આજે સાંજે પ્રચાર પડઘમ શાંત થશે...દસ રાજ્યો અને એક કેન્દ્ર શાસિત પ્રદેશની કુલ 96 બેઠકો માટે, 13 મેના રોજ મતદાન થશે.

✓ લોકસભા ચૂંટણીના પ્રચાર માટે પ્રધાનમંત્રી મોદી આજે ઓડિશામાં ત્રણ સભાઓ કરશે. કૉંગ્રેસ નેતા રાહુલ ગાંધી આંધ્ર પ્રદેશમાં અને પ્રિયંકા ગાંધી મહારાષ્ટ્રમાં ચૂંટણી પ્રચાર કરશે.

✓ અફઘાનિસ્તાનના ઉત્તરીય ભાગોમાં ભારે વરસાદ બાદ સર્જાયેલી પૂરની સ્થિતિને પગલે 50થી વધુના મૃત્યુ...અનેક લોકો ગૂમ થયાના સમાચાર

✓ હવામાન વિભાગે ગુજરાત સહિતના અનેક રાજ્યોમાં આજથી હવામાનમાં પલ્ટો આવવાની શક્યતા વ્યક્ત કરી

✓ અને IPLમાં આજે કોલકાતા નાઇટ રાઇડર્સ અને મુંબઈ ઇન્ડિયન્સ વચ્ચે મુકાબલો

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)

તા. 11-05-2024

સમય : સવારે 7.45(નેશનલ)

# PRACHAR TODAY

લોકસભા ચૂંટણીના ચોથા તબક્કા માટે પ્રચાર પડઘમ આજે સાંજે શાંત થશે. આ પૂર્વે તમામ પક્ષો મતદાતાઓને રિઝવવાના અંતિમ પ્રયાસો કરી રહ્યા છે. તો લોકસભાના પાંચમા અને છઠ્ઠા તબક્કા માટે પણ પ્રચાર અભિયાન તેજ બન્યું છે. ચોથા તબક્કા માટે 13 મેના રોજ મતદાન થવાનુ છે. આ તબક્કામાં દસ રાજ્યો અને એક કેન્દ્ર શાસિત પ્રદેશની કુલ મળીને 96 બેઠકો માટે પ્રચાર થશે. આ તબક્કામાં 1 હજાર, 717 ઉમેદવારો ચૂંટણી મેદાનમાં છે.

પ્રધાનમંત્રી મોદી આજે ઓડિશા અને ઝારખંડમાં ચૂંટણી પ્રચાર કરશે. ઓડિશામાં તેઓ કાંધમલ, બાલાંગીર અને બરગાહ સંસદીય મત વિસ્તારો માટે પ્રચાર કરશે. શ્રી મોદી ગઈ સાંજે ભુવનેશ્વર પહોંચ્યા હતા.

તેઓ ઓડિશાના બેલાંગીરમાં ચૂંટણી સભાને સંબોધશે. સાંજે તેઓ ઝારખંડના ચતરામાં પ્રચાર કરશે.

દરમિયાન કૉંગ્રેસના વરિષ્ઠ નેતા રાહુલ ગાંધી આંધ્રપ્રદેશમાં અને પ્રિયંકા ગાંધી મહારાષ્ટ્રમાં આજે ચૂંટણી સભાઓને સંબોધશે.

# AMIT SHAH

ભાજપના વરિષ્ઠ નેતા અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે તૃણમૂલ કૉંગ્રેસ વોટ બેંક માટે બાંગ્લાદેશના ઘૂષણખોરનું સમર્થન કરી રહી હોવાનો આરોપ મૂક્યો છે.

તેમણે તૃણમૂલ કૉંગ્રેસ નેતા મમતા બેનર્જી પર નાગરિકતા સંશોધન કાયદાના નામે લોકોને ગેરમાર્ગે દોરવાનો આરોપ મૂક્યો છે. શ્રી શાહે લોકસભા ચૂંટણીમાં ભાજપ ઉમેદવાર જગન્નાથ સરકારના સમર્થનમાં રાણાઘાટમાં જાહેર સભાને સંબોધન કર્યું હતું. શ્રી શાહે કહ્યું કે સંદેશખાલી ઘટના પાછળ જે પણ લોકો છે, તેમને જરૂરથી સજા મળશે. તેમણે કહ્યું કે કૉંગ્રેસ અને તૃણમૂલ કૉંગ્રેસ બંને ભ્રષ્ટ છે.

# ARVIND KEJRIWAL

તા. 11-05-2024

સમય : સવારે 7.45(નેશનલ)

સર્વોચ્ચ અદાલતે કથિત દારૂ નીતિ કૌભાંડ સાથે સંકળાયેલા મની લૉન્ડરિંગ કેસમાં દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલના વચગાળાના જામીન મંજૂર કર્યા હતા. મોડી સાંજે જેલમાંથી બહાર આવતા તેમને વધાવવા માટે મોટી સંખ્યામા આપ કાર્યકર્તાઓ અને પાર્ટી નેતાઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યકર્તાઓને સંબોધતા કેજરીવાલે કહ્યું કે હું તાનાશાહ વિરુદ્ધ લડાઈ લડી રહ્યો છું, અને હવે દેશના 104 કરોડ લોકોએ પણ આ કરવાનું છે. કેજરીવાલ આજે નવી દિલ્હીના કનૉટપ્લેસમાં આવેલા હનુમાન મંદિરમાં દર્શન કરશે, જે બાદ બપોરે તેઓ પત્રકારોને સંબોધન કરશે.

## REPOLLING

ગુજરાતના દાહોદ લોકસભા બેઠકના પરથમપુરમાં આજે સવારે સાત વાગે ફેર મતદાન શરૂ થયું છે... મહિસાગર જીલ્લાના સંતરામપુર તાલુકામાં પરથમપુરનુ મતદાન મથક આવેલુ છે..

ભાજપના નેતાના પુત્ર દ્વારા બૂથમાં જઇને વિડીયો વાઇરલ કરવાની ઘટના બાદ ચૂંટણી પંચને કોંગ્રેસ દ્વારા ગંભીર ફરિયાદ કરવામાં આવી હતી. આ મામલે ચૂંટણી પંચે તપાસ કરીને ફરી મતદાન કરાવવાનો નિર્ણય કર્યો હતો..

આ સમગ્ર પ્રકરણમાં કલેક્ટરે ચૂંટણી ફરજ પરના સ્ટાફ સામેપણ પગલાં લઇને પ્રિસાઇડિંગ ઓફિસર સહીત છને સસ્પેન્ડ કરી દીધા હતા.. તંત્ર દ્વારા આ મતદાન મથક ઉપર ફેર મતદાન ચાલી રહ્યું છે.. પોલીસ બંદોબસ્ત સાથે અહીં મતદાન કરવામાં આવી રહ્યું છે..

## AFGHAN FLOOD

અફઘાનિસ્તાનના ઉત્તરીય ભાગોમાં અચાનક પૂરને લગભગ 50 લોકોના મોત થયા છે, જ્યારે કે 100થી વધુ ઘાયલ થયા છે.

તાલિબાનના જણાવ્યા અનુસાર ભારે વરસાદને પગલે બઘલાન પ્રાંતના પાંચ જિલ્લાઓને અસર થઈ હતી. બઘલાનના બચાવ કામગીરી વિભાગનું કહેવું છે કે મૃતકોની સંખ્યા પ્રાથમિક છે, તે હજી પણ વધી શકે છે. તાલિબાને કહ્યું છે કે 150થી વધુ લોકો ફસાયેલા છે, જેમને તાત્કાલિક ધોરણે મદદની જરૂર છે. અફઘાનિસ્તાનમાં છેલ્લા કેટલાક અઠવાડિયામાં

તા. 11-05-2024

સમય : સવારે 7.45(નેશનલ)

પડેલા ભારે વરસાદને કારણે જન જીવન ઠપ થયું છે. એપ્રિલની મધ્યમાં આવેલા પૂર બાદથી અત્યાર સુધીમાં 100 લોકોના મોત થઈ ચૂક્યા છે. અફઘનિસ્તાન લગભગ દર વર્ષે પૂરની સ્થિતિનો સામન કરે છે.

## IND WEATHER

રાજ્ય સહિત દેશના અનેક ભાગોમાં ગરમીથી રાહત મળશે. હવામાન વિભાગ અનુસાર આગામી 24 કલાકમાં પૂર્વોત્તર ભારત, તટિય પશ્ચિમ બંગાળ, ઓડિશા, કર્ણાટક અને કેરળના કેટલાક ભાગોમાં વીજળી અને પવન સાથે હળવોથી મધ્યમ વરસાદ વરસી શકે છે.

આ તરફ જમ્મૂ, હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ, પૂર્વીય મધ્ય પ્રદેશ, બિહાર, ઝારખંડ, તેલંગાણા, મહારાષ્ટ્ર, તમિલનાડુ, લક્ષદ્વીપ અને આંદમાન નિકોબાર ટાપુ પર હળવોથી મધ્ય વરસાદ વરસી શકે છે.

ગઈકાલે રાજધાની દિલ્હીના હવામાનમાં અચાનક પલ્ટો આવ્યો હતો. અહીં ભારે પવન સાથે છૂટો છવાયો વરસાદ વરસ્યો હતો. આગામી કલાકોમાં પણ પંજાબ, હરિયાણા, પશ્ચિમી ઉત્તર પ્રદેશ, દિલ્હી અને રાજસ્થાનનાં કેટલભાગોમાં ગાજવીજ સાથે છૂટોછવાયો વરસાદ વરસી શકે છે.

## KUWAIT PARLIAMENT

કુવૈતના અમીર શેખ મેશાલ અલહ અહમદ અલ સબાએ દેશમા રાજકીય સંકટને જોતા સંસદ ભંગ કરી દીધી હતી. સાથે જ તેમણે બંધારણના કેટલાક ભાગોને આગામી ચાર વર્ષો સુધી બરખાસ્ત કરવાની જાહેરાત કરી હતી.

રાષ્ટ્રજોગ સંબોધનમાં તેમણે કહ્યું કે હાલની સ્થિતિને જોતા દેશના હિતમાં આ પગલું લેવા માટે તેઓ મજબૂર છે. ગત મહિને ખાડી દેશોમાં ચોથી ચૂંટણી યોજાઈ હતી. જેમાં પાછલી સંસદના 46 સભ્યોમાંથી 39 સભ્યોએ પોતાની બેઠકો જાળવી રાખી હતી. અમીરે જાહેરાત કરી છે કે બંધારણ બરખાસ્ત થયાના સમયમાં લોકશાહીની પ્રક્રિયાના તમામ પાસાઓની ગંભીર તપાસ થશે.

તા. 11-05-2024

સમય : સવારે 7.45(નેશનલ)

કુવૈતના બંધારણ અનુસાર ચૂંટણીના બે અઠવાડિયાની અંદર નવી સરકારની રચના થવી જોઈએ. જોકે 4 એપ્રિલે ચૂંટણી બાદ ચૂંટાયેલ સંસદ અને નિયુક્ત પ્રધાનમંત્રી વચ્ચે તણાવને કારણે તેમાં અવરોધ ઉભો થયો હતો.

# EGYPT _ISRAEL

ઇજિપ્તે ઇઝરાયેલને ચેતવણી આપી છે કે જો ઇઝરાયેલ રફા પર આક્રમણ કરે છે તો તે ઐતિહાસિક કૈંપ ડેવિડ સમજૂતિને રદ કરી દેશે.

દક્ષિણી ગાઝા પટ્ટીમાં સ્થિત રફામાં ઇઝરાયેલની સૈન્ય ઝુંબેશને કારણે વધી રહેલા તણાવ બાદ ઇજિપ્તે આ ચેતવણી આપી છે. અમેરિકાએ પણ ઇઝારાયેલને આ વિસ્તારમાં તેની ગતિવિધી મામલે ચેતવણી આપી હતી. આ પૂર્વે ઇજિપ્તે રફામાં ઈંઝરાયેલની સંભવિત કાર્યવાહીને કારણે ઉભા થનારા જોખમને લઈને પણ ચિંતા વ્યક્ત કરી હતી. રફામાં ઇઝરાયેલની સૈન્યનો દુનિયાભરમાં વિરોધ થઈ રહ્યો છે. અહીં દસ લાખ લોકોને સુરક્ષાને લઈને સવાલ ઉભા થયા છે, જેઓ હાલ આ સંઘર્ષને કારણે ગાઝા પટ્ટીના દક્ષિણી ભાગમાં વિસ્થાપિત થયા છે. મહત્વનુ છે કે 17 ડીસેમ્બર, 1978ના રોજ થયેલો કૈંપ ડેવિડ કરાર ઇજિપ્ત અને ઇઝરાયેલ વચ્ચેનાં સંબંધોમાં પાયારૂપ માનવામાં આવે છે, જે ઇઝરાયેલ અને પડોશી દેશો વચ્ચે શાંતિ કરારમા પરિણમ્યો હતો.

# IPL

અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે રમાયેલી મેચમાં ગુજરાત ટાઇટન્સે ચેન્નાઇ સુપર કિંગ્સને 35 રનથી હરાવ્યું હતું. ચેન્નાઈએ ટોસ જીતીને બોલિંગ કરવાનું પસંદ કર્યું હતું. ગુજરાતે 20 ઓવરમાં 3 વિકેટ ગુમાવીને 231 રન બનાવ્યા હતા. જવાબમાં ચેન્નાઈની ટીમ 20 ઓવરમાં 8 વિકેટે 196 રન જ બનાવી શકી હતી.

GTના કેપ્ટન શુભમન ગિલ 104 રન અને સાઈ સુદર્શન 103 રનની સહાયને કારણે બંનેએ 210 રનની ઓપનિંગ ભાગીદારી કરી હતી. ગુજરાત ટાઇટન્સના બંને ઓપનરોએ સીએસકેને એક પણ બોલરને મચક આપી ન હતી અને ધૂંઆધાર બેટીંગ કર્યુ હતું.. ચૈન્નાઇ સુપર કિંગ્સ  તરફથી તુષાર દેશપાંડેએ 2 વિકેટ લીધી હતી.

તા. 11-05-2024

સમય : સવારે 7.45(નેશનલ)

CSK તરફથી ડેરીલ મિશેલે 63 રન, મોઈન અલીએ 56 રન, એમએસ ધોનીએ 26 રન અને શિવમ દુબેએ 21 રન બનાવ્યા હતા. મોહિત શર્માએ 3 અને રાશિદ ખાને 2 વિકેટ લીધી હતી.

આજે કોલકાત્તાના ઇડન ગાર્ડન સ્ટેડિયમમાં કોલકાતા નાઇટ રાઇડર્સ અને મુંબઇ ઇન્ડિયન્સ વચ્ચે મુકાબલો થશે.